નવી સેવા વર્ષ- ૨૦૨૩-૨૪

રાજયના આંગણવાડી કેન્દ્રો માટે રેકર્ડ/રજીસ્ટર
છપાવવા માટેની વહીવટી મંજૂરી

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2023/0180/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા :-**

(૧) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નવી દિલ્હીનો પત્ર ક્ર: F.No.PA/41/2021-CPMU(e-91729), તા-૦૪/૦૩/૨૦૨૧

(૨) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ ની કચેરીના તા. ૨૭/૦૧/૨૦૨૩ ના પત્ર ક્ર: નં.ICDS/POSHAN/e-file/257/2022/4049/MEM

**આમુખ :**

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ તમામ આંગણવાડી કેન્દ્રો ખાતેથી 6 માસ થી 6 વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રી માતા તેમજ કિશોરીઓને પૂરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યલક્ષી વિવિધ સેવાઓનો લાભ આપવામાં આવે છે. આ સેવાઓને લગત આંકડાકીય તેમજ યોજનાકીય માહિતી એકત્રિત કરવા, સેવાની પહોંચ અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુએશન હેઠળ આંગણવાડી કક્ષાએ રેકર્ડ/રજીસ્ટર નિભાવવામા આવે છે.

વંચાણે લીધેલ (૧) પરના પત્રથી મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આઈ.સી.ડી.એસ. સેવાઓના રિપોર્ટીંગ માટે પોષણ ટ્રેકર (ઓનલાઈન મોબાઈલ એપ્લિકેશન) રાજ્યની તમામ ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોમાં કાર્યરત કરવામા આવેલ છે. પોષણ ટ્રેકર એપ્લિકેશનમા હાલ તમામ માહિતી ઉપલબ્ધ નથી. જેમા ફિલ્ડ ઓબ્ઝર્વેશનના આધારે નવા નવા સુધારા થતા રહે છે. જેથી હાલમા આંગણવાડી કેંદ્રોમાં અપાતી વિવિધ સેવાઓના રેકર્ડ નિભાવવા માટે રજીસ્ટર્સની જરૂરીયાત છે. હાલની સ્થિતિએ નિભાવવામા આવતા અંદાજીત ૧૯ જેવા રજીસ્ટરોને મર્જ કરી જરૂરી હોય તેટલા જ રજીસ્ટરો આંગણવાડી કેંદ્રોમાં આપવાનું વિચારણા હેઠળ હતુ.

વંચાણે લીધેલ (૨) પરની દરખાસ્ત અન્વયે રાજયના કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેંદ્રો માટે મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુએશન અંતર્ગત રૂ.૨૦૦૦/- ની અંદાજિત કિમત સાથે એક આંગણવાડી દીઠ ૮ રજીસ્ટર્સનો સેટ છપાવવા માટે કુલ રૂ.૧૦૬૫.૫૮ લાખની, ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ વર્ષ:૨૦૨૩-૨૪ બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ તમામ આંગણવાડી કેન્દ્રો દ્વારા લાભાર્થીઓને આપવામા આવતી વિવિધ સેવાઓની સમીક્ષા કરવા તેમજ સેવાઓના સુચારૂ સંચાલન માટે વિવિધ સેવાઓને સંબંધિત આંકડાકીય તેમજ યોજનાકીય માહિતીની નોંધ રાખવી જરૂરી છે. આઈ.સી.ડી.એસ. સેવાઓના રિપોર્ટીંગ માટે શરૂ કરવામાં આવેલ પોષણ ટ્રેકર (ઓનલાઈન મોબાઈલ એપ્લિકેશન) મા આઇ.સી.ડી.એસ સેવાઓને લગત તમામ મોડ્યુલ્સની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ ૮ રજીસ્ટર્સ આપવાના રહેશે. મોનિટરીંગ એન્ડ ઇવેલ્યુએશન માટે રૂ.૨૦૦૦/-ની અંદાજિત કિમત સાથે એક આંગણવાડી દીઠ ૮ રજીસ્ટર્સનો સેટ છપાવવા કુલ રૂ.૧૦૬૦.૫૮ લાખ તથા રજીસ્ટરર્સના ડિઝાઇનિંગ માટે રૂ. ૫.૦૦ લાખ મળીને કુલ રૂ.૧૦૬૫.૫૮ લાખની બજેટ જોગવાઇમાંથી વન-ટાઇમ નોન-રિકરન્ટ ખર્ચ તરીકે નીચે દર્શાવેલ શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૧૨. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૩. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૪. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૫. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૩ થી કરવાનો રહેશે.

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | - | ૧૦૬ (આયોજન) |
| મુખ્ય સદર | - | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | - | ૦૨ પોષણ અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર | - | ૧૦૧ અન્ય ખર્ચ |
| પેટા સદર | - | (૨૨) મિશન બલમ સુખમ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬-૦૪-૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ. લેઉવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.05.02
18:47:34 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંંધીનગર
૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગ
૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................
૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................
૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................
૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.